

# અપરિગ્રહ - ન ત્યાગ, ન ભોગ, મધ્યમાં રહો

જીવનની આપણી જે વ્યવસ્થા છે તે બધી વ્યવસ્થા પોતાની જગ્યા એ સાચી છે વસ્તુઓ વસ્તુઓ છે, ધન ધન છે અને પદ પદ છે, આત્મા કાંઈ નથી આ સ્મરણનું નામ પરિગ્રહથી મુક્તિ છે. પરિગ્રહ એ છોડીને ભાગી જવાનુ નામ નથી એટલે જેને આપણે સંન્યાસી કહીએ છીએ સાધારણતઃ એ વિપરીત પરિગ્રહી છે. તે શીર્ષાસન કરતા પરિગ્રહી/સ્વીકારનાર છે તે ફક્ત વિપરીત ઊભા રહી ગયા છે તે તમે જ છો, જે તમે છો તે જ એ જ છે, તેઓ પણ એજ છે પરંતુ ઘણી હકીકતમાં તમારાથી પણ ઘણા ગંભીર છે.

હું તો વિચારી પણ નથી શકતો કે સંન્યાસી અને ગંભીર! એ અસંભવ હોવુ જોઈએ, સંન્યાસી જો ગંભીર છે તો એનો આશય એમ થાય છે કે એ ફક્ત શીર્ષાસન કરતો સંસારી છે. ગંભીરતાનો અર્થ એ છે કે સંસાર સાર્થક છે. એ જે અણસમજણની જાળ છે. તે ખૂબ કિંમતી છે તેને આપણે તેનુ મૂલ્ય બે પ્રકારે આપી શકીએ છીએ. તેમાં ડૂબીને તેમાં ઉતરીને અને પકડીને, એને એક અન્ય પ્રકારથી પણ મૂલ્ય આપી શકીએ છીએ. એનાથી ભયભીત થઈને યા એનાથી ભાગીને, પરિગ્રહ અણસમજણ છે તો પરિગ્રહના વિરોધમાં સાધેલો ત્યાગ પણ નાસમજી છે. વસ્તુઓને પકડવુ એ ગાંડપણ છે તો વસ્તુઓને છોડીને ભાગવુ પણ ઓછુ ગાંડપણ નથી. વસ્તુઓ પ્રત્યે મોહગ્રસ્ત થવુ એ ગાંડપણ છે તો વસ્તુઓ પ્રત્યે વિરક્ત થવુ એ પણ ઓછુ ગાંડપણ નથી, આ બન્ને ગાંડપણ છે જે એકબીજાને પીઠ બતાવીને ઊભા છે અને બન્ને ગાંડાઓ વિચારી રહ્યા છે કે આ બીજો તો મોજ નથી લઈ રહ્યોને, જો કોઈએ પોતાનો ખોટો સંન્યાસ જાળવી રાખવો હોય તો ભીડ અનિવાર્ય છે. અન્યથા સંન્યાસને જાળવી રાખવો ખૂબ મુશ્કેલ છે. એકલામાં સંન્યાસી ને સંદિગ્ધતા ઉત્પન્ન થાય છે કે ગામમાં લોકો આનંદ તો નથી લૂટી રહ્યાને? એટલે જ ધીરે ધીરે બધા સંન્યાસી ગામ/વસ્તીમાં આવી જાય છે. ત્યાં બે પ્રકારના ફાયદા થાય છેઃ એક તો લોકો સામે રહે છે અને લોકો પગે પડે છે તમને આદર આપે છે એટલે સંન્યાસીને ભરોસો થાય છે કે આ લોકો આનંદિત હોત તો મારી પાસે શું કામ આવતે? ત્યાગીની પાસે આવી રહ્યા છે, પરંતુ સંન્યાસીને એ ખબર નથી કે આ પણ લોકોનો ભ્રમનો ક્ષણ છે. એ લોકો પણ સંદેહથી ભરેલા હોય છે કે સંન્યાસી આનંદ તો નથી માણી રહ્યોને? ખરેખર તો બીજો આનંદ લૂટી રહ્યો છે તે વિચાર આપણા સૌના મનમાં હોય છે કારણ કે, આપણે બીજાના ચહેરા જોઈએ છીએ અને આપણે આપણી આત્મા જોઈએ છે. પોતાનુ દુઃખ પરીચીત હોય છે અને આપણે બીજાના બાહ્ય આવરણથી પરીચીત હોઈએ છીએ. ન તો વસ્તુ પકડવા યોગ્ય છે ન તો વસ્તુઓ છોડવા યોગ્ય છે એટલે જ અપરિગ્રહનો અર્થ વૈરાગ્ય નથી, અપરિગ્રહનો અર્થ વિરક્તિ નથી. અપરિગ્રહનો અર્થ વિરાગ નથી અને

> **જે વસ્તુઓથી આપણે બંધાઇએ છીએ અને બાંધીએ છીએ એનાથી આપણે પણ બંધાઇ જઇએ છીએ અને તેના ગુલામ થઇ જઇએ છીએ અને આપણા અતીતના અનુભવો કહે છે કે, બધું મળી જાય તો પણ કંઇ મળતું નથી, ખાલીના ખાલી રહી જઈએ છીએ**

અપરિગ્રહનો અર્થ ત્યાગ નથી, પરિગ્રહને જો સમજી લીધુ તો છોડવાની વાત ભૂલથી પણ નહીં કરશો કારણ કે છોડી એને જ શકાય જે પકડમાં આવી ગયુ હોય, જેણે પરિગ્રહને સમજી લીધુ છે એ જાણશે કે ક્યારેય પણ કોઈ વસ્તુ પકડમાં આવી જ નથી તો છોડવાની વાત કેવી? છોડવાનો કોઈ ઉપાય જ નથી.

## ઓશો વાણી

જીવન ભાગવાથી નથી સમજી શકાતુ, જે ભાગી ગયો તે અણસમજતાથી ભાગી ગયો છે, જીદંગી જ્યાં છે ત્યાં જ સમજવાની જરૂર છે અને જ્યારે સમજાય જાય છે ત્યારે આપણને અચાનક ખ્યાલ આવે છે કે ઘણી બધી વસ્તુઓ એકદમ જ વિદા થઈ ગઈ છે. જે વસ્તુઓથી આપણે બંધાઈ એ છીએ અને બાંધીએ છીએ એનાથી આપણે પણ બંધાઈ જઈએ છીએ અને તેના ગુલામ થઈ જઈએ છે અને આપણા અતીતના અનુભવો કહે છે કે, બધુ મળી જાય તો પણ કંઈ મળતુ નથી, ખાલીના ખાલી રહી જઈએ છીએ. આ સ્મરણ પૂર્ણ થઈ જાય તો તમે અચાનક પામશો કે જીવનમાં અપરિગ્રહની કિરણો ઉતરવાની શરૂઆત થઈ ગઈ છે.


ઓશો : જ્યોં કી ત્યોં ધરી દિન્હી ચદરીયા પુસ્તકમાંથી, સૌજન્ય : ઓશો ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન, પૂણે.

# શ્રી હનુમાન ચાલીસા તથ્ય અને સત્ય





## સંસ્કૃતિ દર્શન

સનત દવે



સનાતનીઓમાં સૌથી વધુ પઠન કરાતી કે ગવાતી ચાલીસા હોય તો તે છે 'હનુમાન ચાલીસા.' સૌથી વધુ અસરકારક અને ત્વરિત ફળદાયક હનુમાન ચાલીસા એટલી બધી પ્રચલિત બની છે કે 70% સનાતનીઓને કંઠસ્થ હશે. સુખ-શાંતિ, વિદ્યાપ્રાપ્તિ, બળપ્રાપ્તિ, આત્મવિશ્વાસની વૃદ્ધિ માટે કરાતી હનુમાનજીની આ સ્તુતિ 500 વર્ષ પૂર્વે સંત તુલસીદાસજીએ ચાલીસા સ્વરૂપે અદ્ભુત ઉપહાર આપણને આપ્યો છે. હનુમાન ચાલીસાની કેટલીક રોચક વાતો અહીં સંક્ષિપ્તમાં લખી છે. ખરેખર તો સંત તુલસીદાસજીનું જીવન જ રોચક રહ્યું છે. ઉત્તરપ્રદેશના બાંદા જિલ્લાના રાજાપુર ગામમાં ઈ.સ. 1532માં માતા હુલસી દેવી અને પિતા આત્મારામ દુબેના પરિવારમાં જન્મેલા તુલસીદાસનું જન્મ સમયે રડવાના બદલે રામ બોલવું, સામાન્ય બાળક કરતાં વધુ વજનના આ બાળકને જન્મતા સાથે જ દાંત ફૂટવા જેવી ઘટનાઓથી ગભરાયેલી તેની માતાએ કંઈ અમંગળ ના થાય તેથી ચુનિયા નામની દાસીને આ બાળક સોંપી દીધેલું. જો કે બીજે દિવસે તેની માતાનું અવસાન થતાં ચુનિયા દાસી તેના ઘરે આ બાળકનો ઉછેર કરવા લાગી પણ સાડા પાંચ વરસનું આ બાળક થયું ત્યારે ચુનિયા દાસીનું પણ અવસાન થયું ત્યારે સંત નરહરિદાસને કોઈ ઈશ્વરી પ્રેરણા થઈ એક બાળક તારી પ્રતીક્ષા કરે છે અને બાળપણનું નામ રામબોલા ધરાવતા તુલસીદાસના ગામમાં આવી તે રામબોલાને શિક્ષણ આપવા સાથે લઈ ગયા. યજ્ઞોપવિત સંસ્કાર સાથે વૈષ્ણવોના પાંચ સંસ્કાર કરાવી તેને રામ-મંત્રની દીક્ષા આપી. ધર્મ વિદ્યાભ્યાસ દરમ્યાન એક વખત સાંભળી લે તો તેને કંઠસ્થ થઈ જતું હોવાની ઈશ્વરી બક્ષિસને લીધે ગુરુ નરહરિદાસ વેદ-વેદાંતના અભ્યાસ અર્થે કાશીના શેષસનાતનજી પાસે મૂકી ગયા ત્યાં તેમણે 15 વર્ષ ધર્મનું ઉચ્ચ અધ્યયન અને અભ્યાસ કર્યો બાદ ગુરુના આદેશ મુજબ રત્નાવલી નામની કન્યા સાથે વિવાહ કર્યા. એક સમયે રત્નાવલી પિયર જતાં તેના વિરહમાં પાછળ પાછળ સાસરે પહોંચી ગયેલા તુલસીદાસજીને રત્નાવલીએ મહેણું માર્યું કે મને પ્રેમ કરો છો એટલો ઈશ્વરને કરો તો ભવસાગર સુધરી જાય અને તેની અસર તુલસીદાસજીને હૃદયમાં ખૂબ ઊંડે સુધી થઈ. પ્રયાગરાજ પહોંચી તુલસીદાસજી સંસાર છોડી સંન્યાસી બની ગયા. ખૂબ તીર્થાટન કરી કાશીમાં સ્થાયી થયા. અહીં રામચરિત માનસ, વિનય પત્રિકા, ગીતાવલી કવિતાવલી, દોહાવલી, જાનકી મંગળ પાર્વતિમંગલ, બરવૈ રામાયણ જેવા અનેક ગ્રંથોની રચના કરી.

એક સમયે તુલસીદાસજી મથુરા જતાં હતા અને રાતવાસો કરવા રસ્તામાં આવતા આગ્રા ખાતે રોકાણ કર્યું. જો કે એ અરસામાં તુલસીદાસજીની ખ્યાતિ ખૂબ થઈ ગયેલી એટલે લોકટોળા તેમના દર્શને આવા લાગ્યા. ફતેહપુર સિક્રીમાં ત્યારે રાજા અકબર હતા તેમને માહિતી મળી કે કોઈ ચમત્કારી સંત આગ્રામાં રોકાયા છે અને તેના દર્શને લોકજુવાળ ઉમટી પડ્યો છે ત્યારે તેમને દરબારમાં બોલાવવા સિપાઈઓને મોકલ્યા. તો સંત તુલસીદાસે કહ્યું કે રાજા તો રામ છે. હું માત્ર તેના દરબારમાં જ જઉં છું. ત્યારે નારાજ અકબરે તેમને પકડી જેલમાં પૂરી દેવા આદેશ કર્યો.



સંત તુલસીદાસને ચાલીસ દિવસ જેલમાં રહેવું પડ્યું અને એ દરમ્યાન એમણે હનુમાન ચાલીસાની રચના કરી અંતિમ દિવસે હનુમાન ચાલીસાની રચના પૂર્ણ થતાં કોઈ ચમત્કારની જેમ આખા ફતેહપુર સિક્રીમાં વાનરોની જાણે ફોજ ઉતરી પડી હોય એમ અનેક વાનરોએ આવીને આખા શહેરમાં ઉત્પાત મચાવવાનું ચાલું કર્યું. લોકોને ઈંટ-પત્થર મારવા લાગ્યા તો ઘરોમાં નુકસાન કરવા લાગ્યા. અંતે એક ફકિરે બાદશાહ અકબરને સલાહ આપી કે રામભક્ત સંત તુલસીદાસને મુક્ત કરો. કદાચ આ તેનો જ ચમત્કાર છે. અકબર બાદશાહે હાથ જોડી માફી માંગી સંત તુલસીદાસજીને મુક્ત કરતાં જ શહેરમાંથી વાનરોનું ટોળું જંગલ ભણી ચાલી ગયું.

હનુમાન ચાલીસાની રચનાની શરૂઆત શ્રી અક્ષરથી એટલે કે સીતા માતાથી થઈ ગુરુને યાદ કરીને પ્રથમ દોહરાથી થાય છે. 46 છંદના સમાવેશ સાથે પ્રારંભિક બે દોહા એ ચાલીસ ચોપાઈ બાદ એક દોહાથી પૂર્ણાહુતિ થાય છે. અવધિ ભાષામાં રચાયેલ હનુમાન ચાલીસામાં હનુમાનજીનું નામ 108 વખત આવે છે. રામનું નામ 11 વખત આવે છે. એટલે એક વખત હનુમાન ચાલીસા બોલીએ તો 108 નામની એક માળા પણ થઈ જાય છે. ચાલીસાની 40 ચોપાઈઓમાં 418 શબ્દ છે અને 1041 અક્ષર છે. ચાલીસાની ચોપાઈની એક લાઈનમાં આવે છે અષ્ટ સિદ્ધિ, નવનિધિ કે દાતા... આ અષ્ટસિદ્ધિ શ્રી હનુમાનજીની શક્તિ, સમૃદ્ધિનું પ્રતીક છે. અષ્ટસિદ્ધિ એટલે આઠ દિવ્ય શક્તિ જેમાં (1) અણિમાઃ શરીરને સુક્ષ્મ બનાવી દેવાની શક્તિ (2) મહિમાઃ શરીરને ખૂબ વિશાળ બનાવી દેવું (3) ગરિમા : શરીરને અત્યંત ભારે, વજનદાર બનાવી દેવું (4) લઘિમાઃ શરીરને હલકું, વજનરહિત બનાવવું. (5) પ્રાપ્તિ : રોક-ટોક વગર ક્યાંય પણ આવી જઈ શકાય તેવી શક્તિ. (6) પ્રાકામ્યઃ ઈચ્છા અનુસાર કંઈ પણ પ્રાપ્ત કરવાની ક્ષમતા (7) ઈશિત્વઃ દિવ્ય સામર્થ્ય અને સંપૂર્ણ અધિકાર યુક્ત (8) વશિત્વઃ કોઈને પણ વશમાં કરવાની ક્ષમતા, એ અષ્ટસિદ્ધિ છે તો નવનિધિ એટલે નવ પ્રકારની સંપતિ : જેવી કે પદ્મ, મહાપદ્મ, નીલ, મુકુંદ, નંદ, મકર કચ્છપ, શંખ અને ખર્વ એટલે કે હનુમાનજીની પ્રસન્નતા સર્વસુખની પૂર્તિ કરનાર હોય છે.

હનુમાન ચાલીસાની પ્રત્યેક ચોપાઈનો મર્મ ખૂબ જ દિવ્ય અને સમજવામાં સરળ છે, પણ એક ચોપાઈ છે કે જુગ સહસ્ત્ર જોજન પર ભાનું, લિલ્હો તાહિ મધુર ફલ જાનુ અર્થાત્ : એક યુગ સહસ્ત્ર યોજન જેટલા દૂર સ્થિત સૂર્યને ફળ સમજી હનુમાનજીએ ખાઈ જવાના આશયથી મોંમાં મૂકી દીધેલો. અહીં સમજવા જેવા આશ્ચર્યચકિત કરનાર એક-બે શબ્દોને ઓળખીએ.

1 યુગ= 12000 વર્ષ

1 સહસ્ત્ર =1000 (અંક)

1 યોજન = 8 માઈલ

તેનો ગુણાકાર કરીએ તો એક યુગ= 12000 X સહસ્ત્ર= 1000X યોજન = 8 માઈલ મતલબ કુલ 96,000,000 અને 1 માઈલ = 1.6 કિ.મી. એટલે 96,000,000 X 1.6 કિ.મી.= 153,600,000 કિ.મી. આથી આ હનુમાન ચાલીસાની ચોપાઈ અનુસાર સૂર્ય પૃથ્વીથી 153,600,000 કિ.મી. દૂર છે. આ તથ્ય આપણે ત્યારે સત્ય માનીએ છીએ જ્યારે નાસા સૂર્ય અને પૃથ્વીની વચ્ચેનું અંતર એટલું જ છે એ સાબિત કરે છે. 500 વર્ષ પહેલાંના ધર્મ સાહિત્યમાં આવાં અનેક વૈજ્ઞાનિકો સત્યો અને તથ્યો છુપાયેલાં છે.



> **AIનો એક સદ્પયોગ બિહારના મોતી હારીની 9મા ધોરણમાં ભણતી 14 વર્ષની આરાધ્યાસિંહે કર્યો છે. છ મહિનાની મહેનતને અંતે વિશ્વભરના લોકોને હિન્દુ સંસ્કૃતિની ઓળખ આપે તેવી શ્રી હનુમાન ચાલીસાનો અલગ અલગ 234 ભાષાઓમાં અનુવાદ કર્યો છે**

આજે સોશ્યલ મીડિયાના યુગમાં યુવાવર્ગ તેમાંથી કશુંક ઉપયોગી શોધે છે તો કેટલુંક નુકસાનકારક.. ખરેખર જીવનોદ્ધારની અસંખ્ય વેબસાઈટો આજે ઉપલબ્ધ છે. એમાં પણ AIનો પ્રવેશ આપણી માનસિકતાની પરીક્ષા માટે જ થયો હોય તેવું લાગે છે. AIનો એક સદ્પયોગ બિહારના મોતીહારીની 9માં ધોરણમાં ભણતી 14 વર્ષની આરાધ્યાસિંહે કર્યો છે. છ મહિનાની મહેનતને અંતે વિશ્વભરના લોકોને હિન્દુ સંસ્કૃતિની ઓળખ આપે તેવી શ્રી હનુમાન ચાલીસાને અલગ અલગ 234 ભાષાઓમાં અનુવાદ કર્યો છે. નાની ઉંમરમાં ઉચ્ચ ધ્યેય અને ધર્મભાવના દાખવતી આ દીકરીને કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરે વિશેષરૂપે સન્માનિત કરી પ્રોત્સાહિત કરી છે. યુવાઓને ટેકનોલોજી દ્વારા આધ્યાત્મિકતા અને ધર્મ સાથે જોડવાની કુ. આરાધ્યાસિંહની આ સિદ્ધિ સૌ કોઈ માટે મોટી પ્રેરણા છે.

|| कृष्णस्तु भगवान स्वयम् ||

લેખાંક-૫૮

# નટખટ કાનુડો

પરમાત્માનો સાક્ષાત્કાર થાય પછી મનુષ્ય જ્ઞાની બને છે અને તેવા મનુષ્યોના હાથે પાપ થતું નથી. અજાણતામાં કદાચ થાય તો પણ તેના માથે દોષ જતો નથી. અગાઉ સમજ્યા તેમ ચોરી નહિ કરવી જોઈએ તેવી શાસ્ત્રો આજ્ઞા જરૂર આપે છે પરંતુ પરમાત્મા જેને અપનાવે છે તેને માટે જગત આખું પોતાનું થઈ જાય છે. તેને પછી ચોરી કરવાની રહેતી નથી એટલું જ નહિ પરંતુ તે ચોરની વ્યાખ્યામાં બંધ બેસતો નથી. જેને પરમાત્માએ અપનાવ્યો છે તે જ્ઞાની માટે શાસ્ત્રોની કોઈ મર્યાદા નડતી નથી. ઘણાનો મત એવો હોય શકે કે કૃષ્ણ માખણચોર છે પરંતુ તે તો સર્વના માલિક છે. આ જગતનું બધું તેમનું જ છે. જે ગોપી તન, મન અને ધન શ્રીકૃષ્ણને અર્પણ કરે તેના ઘરનું થોડું માખણ શ્રીકૃષ્ણ ખાય તે શું ચોરી છે? આ ચોરી નથી. પરંતુ દિવ્ય-પ્રેમ-લીલા છે. ગોપીઓને 'પરમાનંદ'નું દાન કરવા માટેની આ લીલા છે. આ લીલાને સમજવા માટે આપણે પણ ગોપીભાવ સ્વીકારવો પડે.

કનૈયો દરરોજ મારા ઘરે આવે તેવી અંતરની ઈચ્છા હોવા છતાં, ઠપકો આપવાના બહાને અને બીજા શબ્દોમાં કહીએ તો લાલાના દર્શન કરવાના બહાને ગોપીઓ યશોદાજીને ફરિયાદ કરવા આવે છે. ગોપીઓની ફરિયાદમાં યશોદાજી કહે છે કે, ''સખીઓ તમે લાલાને ખૂબ તોફાની કહો છો પરંતુ હું પૂછું છું ત્યારે તો તે ના પાડે છે. તો સાચું કોનું માનવું? તમે એક કામ કરો. જો તમે કનૈયાને ચોરી કરતા પકડી લાવો તો હું તમારી વાત સાચી માનીશ. માખણથી ખરડાયેલા મોઢા સાથે અહીં લઈ આવો તો હું તેને જરૂર સજા કરીશ.''

પ્રભાવતી નામની એક ગોપીએ આ બીડું ઝડપ્યું અને કહ્યું કે એમાં શું? હું લાલાને પકડી બતાવીશ. એક દિવસ લાલો માખણ ચોરી કરવા તેના ઘરે આવવાનો છે તેની તેને ખબર પડે છે. તેથી તે પલંગ નીચે સંતાઈને લાલાની રાહ જોતી બેસી જાય છે. બાળકો સાથે લાલો ધીરે ધીરે ઘરમાં દાખલ થાય છે. દાખલ થતાં જ મિત્રોને કહે છે કે મને કોઈ માણસની ગંધ આવે છે. તમે સાચવજો.

કનૈયાએ માખણ ઉતાર્યું અને બાળકોને ખવડાવવા માંડ્યા. મિત્રો માટે માખણચોર બન્યા પરંતુ પોતે આખી વાત સમજી ગયા હોવાથી માખણ ખાતા નથી.

જયારે બાળકોએ પેટ ભરીને માખણ ખાધું ત્યારે પ્રભાવતી બહાર આવી. બધા મિત્રો તેને જોઈને ગભરાઈ ગયા અને લાલાને કહ્યું કે 'લાલા ભાગ'. ત્યારે કનૈયો કહે છે કે ''તે શું કરવાની છે?''

પ્રભાવતીએ લાલાનો હાથ પકડી લીધો અને કહ્યું કે ''આજે તું બરાબર હાથમાં આવ્યો છે. આજે હું તને યશોદા પાસે લઈ જઈશ.'' પ્રભાવતીને અભિમાન થયું કે લાલાને મેં પકડ્યો છે. તે કનૈયાને પકડીને લઈ જાય છે. મિત્રો રડવા લાગે છે. તેવામાં જ સામેથી કુટુંબના એક વડીલ આવતા પ્રભાવતીએ લાજ કાઢી. કનૈયો તે વખતે પ્રભાવતીને કહે છે કે તે મારો હાથ બહુ જોરથી પકડ્યો છે. મારો હાથ દુખે છે. તું મારો બીજો હાથ પકડ. હાથ બદલતા કનૈયાએ પ્રભાવતીના દીકરાને ઈશારો કર્યો, તેનો હાથ પ્રભાવતીના હાથમાં પધરાવી લાલો છટકી ગયો અને દોડતો દોડતો માના ખોળામાં આવી ભરાઈ ગયો. પ્રભાવતી ખૂબ ઉમંગથી બૂમ પાડતી યશોદાજી પાસે આવી, ''જુઓ આ તમારો લાલો. મારા ઘરે ચોરી કરવા આવેલો. તેને હું પકડીને લાવી છું.''યશોદાજી કહે છે કે ''મારો લાલો તો ઘરમાં છે. જરા ઘૂંઘટ ઉઠાવીને તો જો. તું કોને પકડી લાવી છે?'' પ્રભાવતી જુએ છે તો પોતાનો જ છોકરો એની આંગળીએ છે.


અહીં વિવેચકો લખે છે કે પ્રભાવતી અભિમાની છે. હાથમાં શ્રીકૃષ્ણ છે છતાં પણ અક્કડ ચાલ ચાલે છે. ઘમંડવાળી બુદ્ધિ એટલે જ પ્રભાવતી. સકામ બુદ્ધિ ઈશ્વરને પકડી શકતી નથી. બુદ્ધિ જો નિષ્કામ બને તો જ ઈશ્વરને પકડી શકે છે.

## અધ્યાત્મ દર્શન

અનુપ શાહ

મનુષ્ય સાધના કરે ત્યારે તેને સિદ્ધિ તો પ્રાપ્ત થાય જ છે. ઈશ્વર તેના હાથમાં આવે છે, પરમાત્મા તેને અપનાવે છે પરંતુ નિષ્ઠા ન રહે અને અભિમાન આવે તો ઈશ્વર છટકી જાય છે. મનુષ્ય પોતાની સિદ્ધિઓ જો જગતને બતાવવા જાય તો ઈશ્વર હાથમાંથી છટકી જાય છે. આવું નહિ થાય તે માટે સિદ્ધિ પ્રાપ્ત થયા પછી, પરમાત્મા હાથમાં આવ્યા પછી પણ નિરંતર ભક્તિ ચાલુ રાખવી જોઈએ. ઈશ્વર ઘરની (શરીરની) અંદર જ આત્મા રૂપે રહે છે. જે અંદર છે તેને મનુષ્ય બહાર શોધવાનો પ્રયત્ન કરે છે અને દુઃખી થાય છે. જે ઈશ્વરને બહાર શોધે છે તેની સંસારમાં ફજેતી થાય છે. ગોપી (ઈન્દ્રિયો) કહે છે કે આનંદ બહાર છે જયારે યશોદામૈયા (નિષ્કામ બુદ્ધિ) સમજાવે છે આનંદ અંદર જ છે. આપણી અંદર રહેલો આનંદ જ આપણને મળે છે. આનંદ આત્માનું સ્વરૂપ છે, તે બહારથી આવતો નથી પરંતુ અંતઃકરણમાં રહેલા આત્મામાંથી આવે છે.

હજુ પણ ગોપીઓના ઘણા પ્રસંગો સમજવા જેવા છે, આ બધા પ્રસંગો સાંભળવાથી શ્રીકૃષ્ણમાં શ્રદ્ધા અને પ્રેમ વધે છે પરંતુ ગોપીઓના આ બધા પ્રસંગોથી એક વાત ધ્યાન ખેંચે તેવી છે કે યશોદા અને ગોપીઓ શ્રીકૃષ્ણના નટખટ તોફાનથી પણ આનંદ પામતા હતા. ગોપીઓ પરમાત્મા માટે પાગલ બની હતી કારણ કે તેઓ અજાણતા જ પરમાત્માના દર્શન કરી રહી હતી.



> **ઈશ્વર ઘરની (શરીરની) અંદર જ આત્મારૂપે રહે છે. જે અંદર છે તેને મનુષ્ય બહાર શોધવાનો પ્રયત્ન કરે છે અને દુઃખી થાય છે. જે ઈશ્વરને બહાર શોધે છે તેની સંસારમાં ફજેતી થાય છે**

તેમની બુદ્ધિમાં પરમાત્મા જ વસતા હતા આથી તેઓ પરમાત્માનો અનુભવ કરી શકતી હતી.

તેઓ ઘરમાં રહેતી ત્યારે પણ તેઓનું મન હંમેશાં શ્રીકૃષ્ણમાં રહેતું. ન છૂટકે ઘરનું કામ તો કરતી પરંતુ સદા શ્રીકૃષ્ણનું સ્મરણ કરતી.

પરમાત્મા શ્રીકૃષ્ણના દર્શન અને સ્મરણ કરવાથી માનવજન્મ સફળ થાય છે, દુઃખની સમાપ્તિ થાય છે. જ્યાં સુધી મનુષ્ય આત્મસ્વરૂપમાં જ શાંતિપૂર્વક ભગવાનના દર્શન કરતો નથી ત્યાં સુધી દુઃખનો અંત આવતો નથી. બુદ્ધિમાં પરમાત્મા આવે તો પરમાત્માનો અનુભવ થાય છે.

ગોપીઓ બુદ્ધિમાં ઠાકોરજીને રાખે છે. ગોપીઓના પ્રેમ-સંન્યાસના ઘણા બધા પ્રસંગો છે કે જેમાં ગોપીઓનું મન કૃષ્ણપ્રેમમાં રંગાયેલું છે. તેઓ દરેક કાર્યમાં ઈશ્વરનું અનુસંધાન રાખે છે. મહાપ્રભુજીએ પણ સુબોધીનીમાં ગોપીઓને પ્રેમ-સંન્યાસીઓ કહી છે.

(ક્રમશઃ)